પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૮૦, કુલ પાના:૪, તારીખ: ૨૫-૦૩-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 180 PRICE :-RS. 1.50 DATE : 25-03-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોનાનો ફુંફાડો: મહારાષ્ટ્રના બીડ જીલ્લામાં ૪ એપ્રિલ સુધી જડબેસલાક લોકડાઉન

# લૉકડાઉન રિટર્ન..! દેશમાં ૨૪ કલાકમાં કોરોનાથી ૨૭૫ લોકોના મોત





★ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૭ હજારથી વધુ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા.
★ મહારાષ્ટ્ર, ગુજરાત, મપ્ર, પંજાબ અને કર્ણાટકમાં કોરોની બીજી લહેરનું આક્રમણ, ચાલુ વર્ષે પ્રથમવાર એક જ દિવસમાં સૌથી વધુ મોત નોંધાયા.
★ આંતરરાષ્ટ્રીય ઉડાનો પર સરકારે પ્રતિબંધ ૩૦ એપ્રિલ સુધી લંબાવ્યા.

ન્યુ દિલ્હી,

દેશના અનેક રાજ્યોમાં કોવિડ ૧૯ના કેસ રોકેટ ગતિથી વધી રહ્યા છે. મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત અનેક રાજ્યોમાં હાલાત ચિંતાજનક છે. કોરોના સંક્રમિતોની સંખ્યા સતત વધી રહી છે. કેન્દ્ર સરકારે આજે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં એક જ દિવસમાં કોરોનાના ૪૭ હજારથી વધુ નવા દર્દીઓ નોંધાયા છે. રાજ્યો અને કેન્દ્ર સરકાર કોરોનાને કાબૂમાં લેવા માટે સતત આકરા પહલા લઈ રહી છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકની અંદર કોરોનાના નવા ૪૭,૨૬૨ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કોરોનાના કેસનો આંકડો ૧,૧૭,૩૪,૦૫૮ પર પહોંચી ગયો છે. જેમાંથી ૧,૧૨,૦૫,૧૬૦ લોકો સાજા થયા છે અને ૩,૬૮,૪૫૭ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં કોરોનાથી ૨૭૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સાથે કુલ મૃત્યુનો આંકડો ૧,૬૦,૪૪૧ થયો છે. કોરોના રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૫,૦૮,૪૧,૨૮૬ લોકોને રસી આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે આંતરરાષ્ટ્રીય ઉડાનો પર લાગેલા પ્રતિબંધોને ૩૦ એપ્રિલ સુધી વધારી દીધા છે.

આઈસીએમઆર મુજબ જે ૨૭૫ લોકોએ જીવ ગુમાવ્યા તેમાંથી ૧૩૨ મોત મહારાષ્ટ્રમાં, ૫૩ પંજાબમાં, ૨૦ છત્તીસગઢ અને ૧૦ મોત કેરળમાં થયા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કુલ ૫૩,૫૮૯ લોકોએ જીવ ગુમાવ્યા છે.

ગયા વર્ષે ૧૧ નવેમ્બર પછી કોઈ એક જ દિવસે પ્રાપ્ત થયેલા સૌથી વધુ કેસ છે. મૃત્યુની વાત કરીએ તો ગયા વર્ષે ૩૦ ડિસેમ્બર પછી પહેલીવાર આટલી મોટી સંખ્યામાં લોકો કોરોનાને કારણે મોતને ભેટ્યા છે. ૩૦ ડિસેમ્બરે, કોરોના સંક્રમણને કારણે ૩૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા. છેલ્લા બે દિવસની તુલનામાં, મૃત્યુઆંકમાં આ મોટો ઉછાળો છે.

મહારાષ્ટ્રના બીડ જીલ્લામાં કોરોનાના સતત વધતાં કેસને લઈને વહીવટી તંત્ર દ્વારા આગામી ૨૬ માર્ચથી લઈ અને ૪ એપ્રિલ સુધી સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી દીધી છે. આ સમય દરમિયાન કડક લોકડાઉનનું પાલન કરવામાં આવશે. આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે કે જેના કારણે કોરોનાના સંક્રમણની ચેઈનને તોડી શકાય.

જિલ્લાધિકારી તરફથી આદેશ બહાર પાડવામાં આવ્યો છે. લોકડાઉન દરમિયાન મેરેજ હોલ, હોટલ બંધ રાખવામાં આવે છે. તમામ પ્રાઈવેટ ઓફિસો પણ બંધ રાખવામાં આવશે. કરિયાણા, દૂધ અને મેડિકલ સહિત જરૂરી સેવાઓ ચાલુ રહેશે. જિલ્લાની તમામ શાળાઓ, કોલેજ બંધ રાખવાના આદેશ અપાયા છે.

ભારત સરકાર મોટાપાયે કોરોના વાયરસ રસીકરણ અભિયાન ચલાવી રહી છે જેના કારણે અત્યાર સુધી ૫ કરોડ ૮ લાખ ૪૧ હજાર ૨૮૬ લોકોનુ રસીકરણ કરવામાં આવી ચૂક્યુ છે. કોરોનાના વધતા કેસોને જોતા ભારત સરકારે ૪૫ વર્ષથી વધુ ઉંમરના બધા લૌકને વેક્સીન આપવાનુ એલાન કર્યુ છે.

બીજી તરફ, કેન્દ્ર સરકારે પણ રાજ્યોને કોરોનાને કાબૂમાં લેવા માટે પોતાની રીતે નિયંત્રણો મૂકવા માટે જણાવ્યું છે. કેન્દ્ર સરકારના એડિશનલ હેલ્થ સેક્રેટરીએ તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખ્યો છે. જેમાં સલાહ આપવામાં આવી છે કે, આગામી દિવસોમાં હોળી, ઈસ્ટર, ઈદ જેવા તહેવારો આવી રહ્યા છે. આ દરમિયાન ભીડ ભેગી ના થાય તે સુનિશ્ચિત કરવા સરકારો સ્થાનિક સ્તરે નિયંત્રણો મૂકી શકે છે.

## વાઈબ્રન્ટ ગુજરાતના તાયફા: સરકારે મહેમાનોની સરભરા પાછળ કરોડો રૂપિયા ખર્ચ્યા




ગાંધીનગર,

ગુજરાત સરકાર ઉત્સહો કરવા પાછળ કરોડો રૂપિયા ખર્ચવામાં પાછીપાની નથી કરતી, તેનું ઉદાહરણ વાઈબ્રન્ટ સમિટ પાછળ થયેલા ખર્ચના આંકડા જ જણાવે છે. ૨૦૧૯માં યોજાયેલા વાઈબ્રન્ટ સમિટમાં સામેલ થવા આવેલા મહેમાનો માટે સરકારે ૫૦૦થી વધુ લક્ઝરી કાર ભાડે મેળવી તેના માટે ૨ કરોડ રૂપિયાથી વધારે રકમ ચૂકવી હોવાની વિગતો મળી છે.

કોંગ્રેસ ધારાસભ્ય શૈલેષ પરમારે પૂછેલા પ્રશ્નના લેખિત જવાબમાં સરકારે જણાવ્યું કે, ૨૦૧૯માં યોજાયેલા વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા આવનારા દેશ-વિદેશના મહેમાનોને તેમની હોટલ કે અન્ય રોકાણ સ્થળોએથી વાઈબ્રન્ટ સમિટના સ્થળ મહાત્મા મંદિર સુધી લાવવા માટે રાજ્ય સરકારે ૫૦૦થી વધુ લક્ઝરી કાર ભાડે રાખી હતી. જેમાં ૨૫૭ ઈનોવા ઉપરાંત મર્સિડીઝ, ઓડી, બીએમડબલ્યૂ અને સેડાન ક્લાસ જેવી લકઝરી ગાડીઓ ભાડે રાખવામાં આવી હતી. આ માટે અમદાવાદની અક્ષર ટ્રાવેલ્સ કંપનીને ૨.૧૫ કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી હતી.

જણાવી દઈએ કે, નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે ૨૦૦૩થી વાઈબ્રન્ટ ગુજરાતના નામે રાજ્ય સરકાર દ્વારા દર એકાંતરે વર્ષે ઔદ્યોગિક રોકાણને પ્રોત્સાહન આપવાના હેતુથી આવા સમિટનું આયોજન કરવામાં આવે છે. આવા સમિટોમાં દેશ-વિદેશના મોટા ઉદ્યોગપતિઓને આવકારવા માટે રાજ્ય સરકારના મંત્રીઓ અને અધિકારીઓ ખડેપગે રહેતા હોય છે.

વાઈબ્રન્ટ ગુજરાત સમિટને સફળ બનાવવા અને દુનિયાના તમામ દેશોને આવકારી આંજી નાંખવા માટેની પબ્લિસિટી ઈવેન્ટ પાછળ રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ધૂમાડો કરવામાં આવે છે. આવા સમિટમાં રોકાણ અંગેના મોટા-મોટા એમઓયુ તો સાઈન કરવામાં આવે છે, પરંતુ એ પ્રમાણે રોકાણ આવતું નથી.

## હોળી-ધૂળીને લઈ સરકારે ગાઈડલાઈન જાહેર કરી: જાહેર કાર્યક્રમ પર પ્રતિબંધ

ગાંધીનગર,

ગુજરાતમાં ચૂંટણી બાદ ફરીથી કોરોના બેકાબૂ બન્યો છે. અને રાજ્યમાં હાલ રેકોર્ડબ્રેક કેસો સામે આવી રહ્યા છે. ગત રોજ પણ રાજ્યમાં વિક્રમી ૧૭૦૦થી વધારે કેસો નોંધાયા હતા. તેવામાં આગામી તહેવાર હોળી અને ધૂળેટીને લઈને સરકારે ગાઈડલાઈન જાહેર કરી છે.

જેમાં રાજ્યમાં મર્યાદિત સંખ્યામાં સાથે લોકો હોળી પ્રગટાવી શકાશે. હોળીમાં પ્રદક્ષિણા અને ધાર્મિક વિધી કરી શકાશે. ધુળેટીની જાહેરમાં ઉજવણી, કાર્યક્રમને મંજૂરી નહીં. હોળી – ધુળેટીને લઈ ગૃહ વિભાગની માર્ગદર્શિકા જાહેર કરી છે. અને તેને લઈને તમામ કલેક્ટર, પોલીસ વડાઓને સૂચના અપાય છે. ગુજરાત સરકારે પોલીસ કમિશનર, મેજીસ્ટ્રેટ સહિતના પોલીસ અધિકારીઓને પત્ર લખીને જણાવ્યું છે કે, સામાન્ય સંજોગોમાં હોળી-ધૂળેટીના તહેવારોની ઉજવણી માટે લોકો સોસાયટી, શેરી, નાકા, જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો તથા રસ્તાઓ પર મોટી સંખ્યામાં એકત્રિત થતાં હોય છે. મોટી સંખ્યામાં લોકો એકત્રિત થવાની કોરોના સંક્રમણ વધવાની શક્યતા છે. આથી રાજ્યમાં હાલમાં કોરોનાની સ્થિતિને જોતાં હોળીના તહેવાર સંદર્ભે પરંપરાગત રીતે મર્યાદિત સંખ્યા સાથે હોળી પ્રગટાવી શકાશે તેમજ હોળીની પ્રદશિણાની સાથે ધાર્મિક વિધિ પણ કરી શકાશે. પરંતુ હોળી દહનના કાર્યક્રમ દરમિયાન ભીડ એકત્રિત ન થાય તથા કોરોના ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન થાય તે અંગે આયોજકોએ તકેદારી રાખવાની રહેશે. આ ઉપરાંત ધૂળેટીના દિવસે જાહેરમાં ઉજવણી અને સામૂહિક કાર્યક્રમને મંજૂરી આપી શકાશે નહીં.

## બ્રાઝિલમાં કોરોના બેકાબૂ: ૨૪ કલાકમાં ૩૨૫૧ના મોત

રિયો ડિ જાનેરો,

દક્ષિણ અમેરિકન દેશ બ્રાઝીલમાં કોરોના વાયરસની ઘાતક ઝડપ આખી દુનિયાની ચિંતા વધારી રહી છે. અહીં પહેલીવાર એક દિવસમાં કોરોના વાયરસના સંક્રમણથી ૩૦૦૦ હજારથી વધારે લોકોના મોત થયા છે. ગત કેટલાક અઠવાડિયાઓથી બ્રાઝીલ આખી દુનિયામાં દરરોજ કોરોના વાયરસથી થઈ રહેલા મોતના મામલે ટોચના સ્થાને છે. મંગળવારના બ્રાઝીલમાં ૩,૨૫૧ લોકોના મોત થયા છે. બ્રાઝીલના સૌથી વધારે વસ્તીવાળા રાજ્ય સાઓ પાઉલોમાં ૧,૦૩૧ લોકોના મોત થયા છે, જે ગત વખતની સર્વાધિક સંખ્યા ૭૧૩ની તુલનામાં ઘણા વધારે છે. ગત વર્ષે જુલાઈમાં અહીં કોવિડ-૧૯થી ૭૧૩ લોકોના મોત થયા હતા. મહામારીએ બ્રાઝીલની સ્વાસ્થ્ય પ્રમાણીઓને લગભગ ધ્વસ્ત કરી દીધી છે. હૉસ્પિટલોમાં આઈસીયૂ બેડ અને ઑક્સિજનના ભંડારની કમી છે. હાલના દિવસોમાં મોટાભાગના રાજ્યોએ ગતિવિધિઓને પ્રતિબંધિત કરી છે. બ્રાઝીલના રાષ્ટ્રપતિ જેયર બોલસોનારોએ મહામારીની ગંભીરતાને મહત્વ ના આપતા કહ્યું છે



કે અર્થવ્યવસ્થા ચાલું રાખવી જોઈએ, જેથી તેની સ્થિતિ ખરાબ ના થાય. તેમણે સ્થાનિક નેતાઓ દ્વારા ઉઠાવવામાં આવેલા સ્વાસ્થ્ય સંબંધી પગલાંઓની તુલના પણ કરી.

શુક્રવારના તેમણે ૨ રાજ્યો અને બ્રાઝીલના સંઘીય જિલ્લા દ્વારા લાગુ કરવામાં આવેલા કરફ્યૂને અમાન્ય કરવા માટે સુપ્રીમ કૉર્ટમાં અપીલ કરી. જો કે ટોચની અદાલતે પહેલા ચુકાદો સંભળાવ્યો હતો કે ગવર્નર અને મેયરને આ પ્રકારના પ્રતિબંધ લગાવવાનો અધિકાર છે. જોન્સ હોપકિન્સ યૂનિવર્સિટી પ્રમાણે, બ્રાઝીલમાં કુલ મૃતકોની સંખ્યા ૩,૦૦,૦૦૦ની નજીક પહોંચી ગઈ છે, જે કોવિડ-૧૯થી થનારા મોતના સંબંધમાં અમેરિકા બાદ દુનિયામાં બીજા સ્થાન પર છે. મોત અને સંક્રમણના મામલે અમેરિકા પણ ટોચના પર છે, જ્યારે ભારતનું સ્થાન દુનિયામાં ત્રીજુ છે. વેક્સિનેશન બાદ પણ કોરોનાની વધતી ઝડપે દુનિયાની ચિંતા વધારી દીધી છે.

## બાઈડનના સર્જન-જનરલ તરીકે ભારતીય-અમેરિકન ડો. વિવેક મૂર્તિ

વોશિંગ્ટન,

ભારતીય અમેરિકન ડોક્ટર વિવેક મૂર્તિને અમેરિકાના પ્રમુખ જો બાઈડનના સર્જન જનરલ તરીકે નિયુક્ત કરવાના પ્રસ્તાવને અમેરિકાની સંસદ (કોંગ્રેસ)ના ઉપલા ગૃહ – સેનેટ તરફથી ગઈ કાલે મંજૂરી આપવામાં આવી છે. આમ, કોરોનાવાઈરસ રોગચાળા વચ્ચે પ્રમુખના સ્વાસ્થ્યની સંભાળ રાખવાની ટોચના જાહેર આરોગ્ય અધિકારીને જવાબદારી આપવાનો બાઈડન વહીવટીતંત્રનો માર્ગ મોકળો થયો છે.



બાઈડનના સર્જન જનરલ તરીકે ભારતીય અમેરિકન ડો. મૂર્તિને નિયુક્ત કરવાનો પ્રસ્તાવ સેનેટમાં ૫૭ વિરુદ્ધ ૪૩ મતોથી પસાર થયો હતો. ડો. મૂર્તિએ અગાઉ ઓબામા વહીવટીતંત્ર વખતે પણ સર્જન જનરલ તરીકે સેવા બજાવી હતી, પરંતુ ૨૦૧૭માં ભૂતપૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એમને બરતરફ કર્યા હતા. પબ્લિક હેલ્થ સર્વિસ કમિશન્ડ કોર્પ્સના ભૂતપૂર્વ વાઈસ-એડમિરલ ડો. વિવેક મૂર્તિએ પોતાને ફરીવાર સર્જન જનરલ તરીકે સેવા બજાવવાનો મોકો આપવા બદલ સેનેટનો ટ્વીટ કરીને આભાર માન્યો છે અને લખ્યું છે કે છેલ્લા એક વર્ષથી દેશ ઘણી યાતના ભોગવી રહ્યો છે અને હું આપણા દેશના જખમને રુઝવવામાં તેમજ આપણા દેશના બાળકો માટે વધારે સારા ભવિષ્યનું નિર્માણ કરવામાં મદદરૂપ થવા આપની સાથે કામ કરવા માટે ઉત્સૂક છું.

### પશ્ચિમ બંગાળ ચૂંટણી: વડાપ્રધાને ચૂંટણી રેલીમાં દીદી પર પ્રહાર કર્યા

## લોકો દીદીનો ખેલ સમજી ગયા, બે મેએ વિદાય નક્કી: મોદી

કાંથી/નંદીગ્રામ,

નંદીગ્રામ આ વખતે મમતા બેનર્જી અને ભાજપના શુભેન્દુ અધિકારી વચ્ચે ટક્કર થઈ રહી છે ત્યારે પીએમ મોદીએ સભાને સંબોધિત કરી હતી. પીએમ મોદીએ આજે પશ્ચિમ બંગાળમાં મેદીનાપૂરમાં રેલીને સંબોધીત કરી હતી. રેલીને સંબોધિત કરતાં પીએમ મોદીએ આજે રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર જોરદાર પ્રહાર કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે હવે બંગાળમાં બધી બાજુએથી અવાજ આવી રહી છે, ૨ મેએ દીદી જઈ રહ્યા છે.



નોંધનીય છે કે નંદીગ્રામ આ વખતે મમતા બેનર્જી અને ભાજપના શુભેન્દુ અધિકારી વચ્ચે ટક્કર થઈ રહી છે ત્યારે નંદીગ્રામના સંગ્રામમમાં આજે પીએમ મોદી મેદાનમાં આવ્યા હતા. નંદીગ્રામને અધિકારી પરિવારનો ગઢ માનવામાં આવી રહ્યો છે ત્યારે મમતા બેનર્જીનો પણ દાવો છે કે તેઓ આ બેઠક પર જીત હાંસલ કરશે.

પીએમ મોદીએ કહ્યું કે બંગાળને હવે પરિવર્તનની જરૂર છે. ૨જી મેના રોજ બંગાળ અને વિકાસની વચ્ચે જે દીવાલ આવી ગઈ છે તે તૂટી જશે. અહિયાં ભાજપની સરકાર બનશે અને ખેડૂતોના હકના ૩ વર્ષના પૈસા હું જમા કરાવીને જ રહીશ. છેલ્લા ત્રણ વર્ષમાં જે પૈસા દીદીએ નથી આપ્યા તે હું ખેડૂતોને આપીશ. દિલ્હીની સરકાર આ પૈસા ખેડૂતોના ખાતામાં આપવા માંગતી હતી પરંતુ દીદીએ એવું થવા જ ન દીધું.

પીએમ મોદીએ કહ્યું કે દીદી આજે બંગાળ પૂછી રહ્યું છે કે અમ્ફાનની રાહત કોણે લૂંટી? ગરીબોના ચોખા કોણે લૂંટયા? આજે લોકો તૂટેલી છતની નીચે રહેવા માટે મજબૂર છે તે લોકો તમારાથી સવાલ કરી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે દીદીના રાજમાં અહિયાં હિંસા અને બોમ્બ ધમાકાઓના જ સમાચાર સામે આવી રહ્યા છે. આખા આખા ઘર ઉડાવી દેવામાં આવે છે અને મમતાની સરકાર માત્રને માત્ર જોઈ રહે છે. આ સ્થિતિને બદલવી પડશે. બંગાળમાં શાંતિ જોઈએ તો બોમ્બ અને બંદૂકથી મુક્તિ જરૂરી છે.

પીએમ મોદીએ કહ્યું કે મમતા દીદીને તમે ૧૦ વર્ષ કામ કરવાનો મોકો આપ્યો. તેમણે તમારી વચ્ચે આવવું જોઈએ અને હિસાબ આપવું જોઈએ. પરંતુ દીદી હિસાબ નથી આપી રહ્યા તે ગુસ્સો કરી રહ્યા છે અને ગાળો આપી રહ્યા છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડૉક્ટરને જાણ કરો.

પટેલ આરતસિંહ મંગળસિંહ

મુ. ઉધાવાળા, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડૉક્ટરને જાણ કરો.

રાઠવા રમેશભાઈ ચંદ્રસિંહ

મુ. સાગટાળા, તા. દે.બારીઆ

મતદારોનો આભાર......

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





તાલુકા પંચાયત ચૂંટણીમાં વાવડીબુઝર્ગ બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

ડામોર પ્રિયંકાબેન પિન્કેશકુમાર

વાવડીબુઝર્ગ, તા.ગોધરા, જી.પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૧૪ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૪–૦૩–૨૦૨૧ના સાંજના ૪–૩૦ વાગ્યા સુધીમાં ૨૨૪૦ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લાએમાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૬ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૨ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૧૦૮ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/ કોરોનાના કુલ ૧૪૩૦૪૯ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૮ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૪ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, ૧૪ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ–લુણાવાડા, ૫૫ દર્દી હોમ આઇસોલેશન, ૨ દર્દી સી.ડી.એચ.સંતરામપુર અને ૧૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૭૨ દર્દીઓ સ્ટેબલ અને ૧૦ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૫ વેન્ટીલેટર પર છે.

## લુણાવાડા તાલુકાના ઉંદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ફળિયા મિટિંગનું આયોજન


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

લુણાવાડા તાલુકાના ઉંદરા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફીસર ડાૅ. રવિ શેઠ અને તેમની આરોગ્ય ટીમ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં કોરોના રસીકરણ અંગે લોકોમાં પ્રવર્તી રહેલી ગેર માન્યતાઓ અને ગેર સમજોને દૂર કરવા નવતર અભિગમ સાથે ફળિયા મિટિંગોનું આયોજન કરવામાં આવ્યું છે. તેના ભાગરૂપે આજ રોજ ઉંદરા વણકરવાસમાં મેડિકલ ઓફીસરે વેકશીનેટર દીપિકાબેન,આશા રમીલાબેન, મધુબેન અને જયોતીબેનની ટીમ દ્વારા રહીશો સાથે રૂબરૂ સંવાદ સાધ્યો હતો. આરોગ્ય વિભાગના આ સરાહનીય નવતર અભિગમની સફળતાને પગલે ફળિયામાં રહીશોએ કોરોના વેકશીનનો પ્રથમ ડોઝ ગ્રહણ કર્યો હતો.

આ ફળીયાના ૬૦ વર્ષીય હિરાભાઇ વણકરએ કોરોના વેક્સીનનો પ્રથમ ડોઝ લીધો હતો. કોરોના રસી લીધા બાદ જણાવ્યું હતું કે, આજે કોરોના રસીનું ઇન્જેક્શન લીધું છે. ઇન્જેક્શન લીધા પછી કોઇ શારીરિક તકલીફ થઇ નથી રહી. તેમણે ૬૦ વર્ષથી વધું વયના ગ્રામજનોને આ અભિયાનમાં જોડાવા અનુરોધ કર્યો હતો.

અત્રે ઉલેખનીય છે કે, સમગ્ર મહીસાગર જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ઘનિષ્ઠ રસીકરણ કાર્યક્રમ ચાલી રહયો છે. ત્યારે જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એસ.બી શાહે વધુંમા વધુ લોકોને ડર્યા વગર આ રસી લેવા અનુરોધ કર્યો હતો. સાથે કોરોનાની રસી મુકાવ્યા પછી પણ ફરજીયાત માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું જેવી આરોગ્ય વિભાગની સુચનાનું ચુસ્ત રીતે પાલન કરવું જોઈએ.

## ગુજરાતના પ્રસિધ્ધ નાટયકાર કમલ જોષીએ કોરોના રસીનું બખ્તર પહેરી સુરક્ષિત થવા નાગરિકોને આપ્યો પ્રેરક સંદેશ



લુણાવાડા,

મહીસાગર જિલ્લામાં પ્રબુધ્ધ નાગરિકો, કલાકારો, સાહિત્યકારો, ધાર્મિક વડાઓ અને સામાજીક અગ્રણીઓ સરકારના કોરોના રસીકરણ અભિયાનમાં સહયોગ આપી કોરોના થી સુરક્ષિત થવા અપિલ કરી રહયાં છે. ત્યારે ગુજરાતના પ્રસિધ્ધ નાટયકાર અને મહીસાગર જિલ્લાનું ગૌરવ એવા કમલ જોષીએ સરકારના કોરોના રસીકરણ મહા અભિયાનની પ્રસંશા કરતા નાગરિકોને પ્રેરક સંદેશ આપતા જણાવ્યું હતું કે, એક યુધ્ધ ચાલતુ હોય અને તમે સૈનિકને બુલેટપ્રુફ જેકેટ પહેર્યા વગર હાથમાં બંધુક આપીને યુધ્ધ ભૂમિમાં યુધ્ધ કરવા મોકલી દો તો એ જશે ? અને જાય તો પણ એ મુર્ખામી કહેવાશે કે નહીં? પૌરાણીક કાળમાં યુધ્ધ થતા ત્યારે સૈનિકોને લોખંડના બખ્તર પહેરાવતા, એને રક્ષા કવચ કહેવાતુ. આજની જે કોરોના કાળની સાંપ્રત પરિસ્થિતિ છે. એ લગભગ યુધ્ધ જેવી છે. અને અહિયાં તમારી પાસે બુલેટપ્રુફ જેકેટ એ કોરોનારસી છે. અને એટલા માટે સરકાર આટલો આગ્રહ કરે છે કે દરેક માધ્યમોથી આપણને કહેવામાં આવે છે કે ૬૦ વર્ષથી વધુ વયના અને ૪૫ વર્ષથી વધુ વયના કોમોરબીડ વ્યક્તિઓએ અચુક રસી મુકાવી દેવી તમારી આસપાસના જે વડીલ વ્યક્તિઓ છે. તેમને રસી મુકાવવા માટે લઇ જાવ. સમગ્ર વિશ્વમાં ભારતમાં નિર્માણ થયેલ રસીની માંગ વધી રહી છે. ત્યારે આપણે ત્યા તો ઘર આંગણે આ રસી આપણને મળી રહી છે. તો શા માટે આપણે તેનો લાભ ન લેવો ? શા માટે યુધ્ધના મેદાનમાં બખ્તર પહેર્યા વગર ઉતરી જવું અને શા માટે આવી મુર્ખામી કરવી ? આ કોરોના નામનો દાનવ એમનેમ અહીંથી જશે નહીં. આપણે બધાએ એક સાથે ખભેથી ખભો મીલાવી પ્રયત્ન કરવો પડશે. ત્યારે આપણે કોરોનાને હરાવી શકીશું. હુ આપ સૌને અપિલ કરૂ છું કે, સરકારના ઉત્તમ રસીકરણના આ અભિયાનનો લાભ લઇ આપણા વડીલોને રસી મુકાવીએ. ૪૫ વર્ષથી વધુ વયના કોમોરબીડ વ્યક્તિઓ પણ રસી મુકાવે અને પછી આપણો વારો આવે ત્યારે આપણે સૌએ આ રસીનુ બખ્તર પહેરવું જોઈએ.

## કાલોલના મેદાપુરા તથા દોલતપુરા ગામેથી ૫૨ હજારના દારૂ સાથે બે ઈસમો ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના મેદાપુરા ગામે આવાસના મકાનમાં તેમજ દોલતપુરા ગામે પોલીસે બાતમીના આધારે રેડ કરી હતી. રેડ દરમ્યાન બીયર ટીન, દારૂની બાટલો મળી ૪૨,૫૪૦/– રૂપીયા તથા એકટીવા ઉપર થી ૧૦ બોટલ મળી ૫૨,૫૪૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના દોલતપુરા ગામે રહેતા દિલીપ ઉર્ફે દિલો સામંતભાઈ રાઠોડ અને કપીલ લક્ષ્મણભાઈ રાઠોડ તથા મેદાપુરા ગામે રહેતા રામભાઈ ગુરજીભાઈ નાયકના પોતાના આવાસના મકાનમાં દારૂનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે કાલોલ પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન આવાસના મકાન માંથી બીયર ટીન તથા પ્લાસ્ટીક બોટલો મળી કુલ નંગ–૩૪૯ કિંમત ૪૨,૫૪૦/–રૂપીયા તથા દિલિપની એકટીવા ઉપર થી ૧૦ બોટલ કિંમત ૩૦૦૦/–રૂપીયાનો દારૂ, મોબાઈલ ફોન મળી કુલ ૫૨,૫૪૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે રામા નાયક અને કપીલ રાઠોડને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે કાલોલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# ૮-૧૦ વર્ષ સુધી પેટ્રોલ-ડિઝલને GST દાયરામાં લાવી શકાય તેમ નથી: સુશીલ મોદી



ન્યુ દિલ્હી,

શું પેટ્રોલ-ડીઝલથી સામાન્ય માણસને રાહત મળશે. આ મોટો સવાલ આજની તારીખમાં દેશનો સૌથી મોટો સવાલ છે. હાલમાં પેટ્રોલ-ડીઝલની કિંમતો રેકોર્ડ સ્તરે છે. જેના પછી વારંવાર રોડથી લઈ સંસદ સુધી માંગ ઉઠી રહી છે કે પેટ્રોલ-ડીઝલને જીએસટીમાં સામેલ કરવામાં આવે. આ મુદ્દે નાણા મંત્રી નિર્મલા સીતારમણનું પણ નિવેદન આવ્યું, જેથી લોકોની આશા વધી પરંતુ થોડીવારમાં સુશીલ મોદીના નિવેદનથી તમામ આશાઓ ખતમ થતી નજર આવી રહી છે.

બીજેપીના રાજ્ય સભા સાંસદ સુશીલ મોદીએ સંસદમાં મોટું નિવેદન આપ્યું. સુશીલ મોદીએ કહ્યું કે, આગામી ૮-૧૦ વર્ષ સુધી પેટ્રોલ-ડીઝલને જીએસટીના દાયરામાં લાવી શકાય તેમ નથી કારણ કે જીએસટી પર વિપક્ષ ગણા નિવેદનો આપે છે પરંતુ જીએસટી કાઉન્સિલિંગની બેઠકમાં કોઈ પણ સ્લેબને લઈ કોઈ સવાલ ઉઠાવતુ નથી, સુશીલ મોદીનો આરોપ છે કે, કોઈ પણ પ્રદેશના મુખ્યમંત્રી અને નાણા મંત્રીએ ક્યારેય જીએસટી કાઉન્સિલની બેઠકમાં પેટ્રોલ-ડીઝલને જીએસટીમાં નાંખવાની કોઈ પણ વાત કહી નથી.

સુશીલ મોદીનું કહેવું છે કે, જો પેટ્રોલ-ડીઝલ પર ટેક્સ વધી ગયો છે તો તેમા મુશ્કેલી શું છે કારણ કે તેનો ફાયદો કેન્દ્ર અને રાજ્ય સરકારોને મળી રહ્યો છે. સુશીલ મોદી અનુસાર જો પેટ્રોલ-ડીઝલની કિંમત ૧૦૦ રૂપિયા થઈ જાય તો ૬૦ રૂપિયા ટેક્સ લાગશે. ૬૦ રૂપિયામાં ૩૫ રૂપિયા કેન્દ્ર અને ૨૫ રૂપિયા રાજ્ય સરકારને મળશે. આ સિવાય સુશીલ મોદીએ એવું પણ કહ્યું કે, ટેસ્ટ કલેક્શનથી વિકાસનું કામ થઈ રહ્યું છે તો પછી આટલો બધો વિવાદ શામાટે થઈ રહ્યો છે.

સુશીલ મોદીએ એવો સવાલ પણ વિપક્ષને પૂછ્યો કે જો પેટ્રોલ-ડીઝલને જીએસટીમાં નાંખી દીધા તો ૧૦ રૂપિયાવાળા પેટ્રોલ પર ૧૨ રૂપિયાનો ટેક્સ લાગશે. આવામાં પ્રતિ લીટર લગભગ ૪૮ રૂપિયાનું નુકસાન કેન્દ્ર અને રાજ્યને થશે. સુશીલ મોદીએ સાફ-સાફ પૂછ્યુ કે વિપક્ષ એ બતાવે કે જો પેટ્રોલ-ડીઝલને જીએસટીમાં સામેલ કરી લેવામાં આવે તો ૪૮ રૂપિયાના નુકસાનની ભરપાઈ ક્યારે અને કેવી રીતે થશે. જો તેનો જવાબ વિપક્ષ પાસે છે તો જવાબ કેમ આપતા નથી.

## ગુજરાત સરકારને પેટ્રોલ-ડીઝલ પર વેરા પેટે ૨ વર્ષમાં ૨૬,૯૧૦ કરોડની આવક થઈ

ગાંધીનગર,

ગુજરાતમાં હાલ પેટ્રોલ અને ડીઝલની કિંમતો આસમાને આંબી રહી છે. પેટ્રોલની કિંમત ૮૮ને પાર પહોંચી છે. તો ડીઝલની કિંમત પણ ૮૮ની નજીક છે. તેવામાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો સામાન્ય જનતાને રડાવી રહી છે. અને આ કિંમતો ઘટે તેવી માગ જનતા કરી રહી છે. પણ આ વચ્ચે જ વિધાનસભામાં ખુલાસો થયો છે કે પેટ્રોલ અને ડીઝલની કિંમતો પર વેટ નાખીને રાજ્ય સરકારે હજારો કરોડો રૂપિયાની કમાણી કરી લીધી છે.

રાજ્યમાં એકબાજુ મોંઘવારીએ માજા મૂકી છે. બીજી બાજુ પેટ્રોલ અને ડીઝલની કિંમતોને લઈને પણ પ્રજા પરેશાન છે. ડીઝલની કિંમતોમાં ઉછાળો આવતાં અન્ય વસ્તુઓનાં ભાવોમાં પણ વધારો થયો છે. વિધાનસભાના અપક્ષ ધારાસભ્યના સવાલના જવાબમાં ગુજરાત સરકારે બે વર્ષમાં પેટ્રોલ અને ડીઝલ પર વેટ અને સેસની આવકનો આંકડો જાહેર કર્યો હતો.

તમને જાણીને નવાઈ લાગશે કે ગુજરાત સરકારને બે વર્ષમાં વેટની અધધ આવક થઈ છે.

# મહીસાગરના વિશાલ સોલંકી અને વિશાલ ચૌહાણ નામના બે યુવાનોનું પાવરલિફ્ટિંગમાં પાવરફૂલ પ્રદર્શન




લુણાવાડા,

રમશે ગુજરાત જીતશે ગુજરાત, ખેલ મહાકુંભ, ખેલો ઈન્ડિયા અને ફિટ ઈન્ડિયા જેવા રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા રમતગમત ક્ષેત્રમાં રમતવીરોના પ્રોત્સાહન માટે શરૂ થયેલ અભિયાનોના ઉત્કૃષ્ઠ પરિણામો ગ્રાઉન્ડ લેવલ સાર્થક થઈ રહ્યા છે. ગુજરાતમાં હવે રમતગમત ક્ષેત્રે યુવાનો વિવિધ રમતોમાં પોતાનું કૌશલ્ય દર્શાવીને ક્રિકેટ બાદ અન્ય રમતોમાં પણ લોકો પોતાની કારકિર્દી બનાવી સિધ્ધિઓ હાંસલ કરી રહ્યા છે. જેમાં પાવરલિફટીંગમાં પણ યુવાનો પોતાનો હાથ અજમાવવાનું શરૂ કરી દીધું છે. મહીસાગર જિલ્લાના વિશાલ સોલંકી અને વિશાલ ચૌહાણ નામના બે યુવાનોએ પાવરલિફ્ટિંગમાં પાવરફૂલ પ્રદર્શન કરતાં રાષ્ટ્રીય કક્ષાએ અલગ અલગ કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવી ગૌરવપ્રદ સિધ્ધિ હાંસલ કરી નગર, જિલ્લા અને રાજયનું નામ રોશન કર્યું છે.

ગુજરાત પાવર લિફ્ટિંગ સ્પોર્ટ્સ એસોસિએશન દ્વારા ગત ફેબ્રુઆરી માસમાં સુરત ખાતે ગુજરાત જુનિયર, સબ–જુનિયર અને માસ્ટર્સ પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશીપ યોજાઇ હતી જેમાં ઉજ્વલ દેખાવ કરનાર એથ્લેટ્સને નેશનલ પાવરલિફ્ટીંગ ફેડરેશન દ્વારા આયોજીત ચેમ્પિયનશીપમાં ભાગ લેવાની તક મળી હતી. જમ્મુ ખાતે તા ૧૮ થી ૨૧ માર્ચ ૨૦૨૧ દરમિયાન યોજાયેલ ૨૨મી સબ જુનિયર અને ૩૮મી જુનિયર ઓપન અને માસ્ટર પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપ મેન એન્ડ વિમેનમાં ભાગ લેવા માટે ગયા હતા. આ ચેમ્પિયનશીપમાં ટીમ ગુજરાત એથ્લેટ્સે શાનદાર પ્રદર્શન સાથે બાજી મારી લીધી હતી વિવિધ કેટેગરીમાં ૪ મહિલા અને ૬ પુરૂષોએ ચંદ્રકો મેળવી અદભૂત પ્રદર્શન કરી સફળતાનો ધ્વજ લહેરાવ્યો હતો. સમગ્ર ચેમ્પિયનશીપમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર ટીમ ગુજરાત પર અભિનંદન અને શુભેચ્છાઓની વર્ષા થઈ રહી છે આ ચેમ્પિયનશીપમાં મહીસાગર જિલ્લાના લુણાવાડાના વિશાલ સોલંકી અને વિશાલ ચૌહાણે અલગ અલગ કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે.

રાષ્ટ્રીય કક્ષાએ જમ્મુ ખાતે લુણાવાડાના યુવા ખેલાડી વિશાલ સોલંકીએ શાનદાર પ્રદર્શન કરતા ૬૭.૫ કિલોની વજન ઓપન કેટેગરીમાં કુલ ૩૯૦ કિલો ગ્રામ વજન ઉચકીને ફુલ પાવરલિફ્ટિંગ અને ડેડલિફ્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો તો વિશાલ સોલંકીથી પ્રેરિત થઈ પાવર લિફ્ટીંગ સ્પર્ધામાં જોડાનાર વિશાલ ચૌહાણે સબ જુનિયર કેટેગરીમાં રાજય કક્ષા બાદ રાષ્ટ્રીય કક્ષાએ પણ યશસ્વી દેખાવ કરતાં ૬૦ કિલોની વજન કેટેગરીમાં કુલ ૩૫૫ કિલો ગ્રામ વજન ઉચકીને ફુલ પાવરલિફ્ટિંગ, બેન્ચ પ્રેસ અને ડેડલિફટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ બંને યુવા રમતવીરો આગામી વિશ્વકક્ષાની ચેમ્પિયનશીપમાં ભાગ લેશે.

લુણાવાડામાં હાટાના કૂવા પાસે રહેતા વિશાલ સોલંકી જણાવે છે કે, તેના પિતા કનુભાઈ દરજીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. બાળપણથી જ સ્પોર્ટ્સ એક્ટિવિટીઝમાં રસ ધરાવતા હોવાથી તેને મનગમતી પ્રવુત્તિ કરવા તેનો પરિવાર હંમેશા ઉત્સાહ વધારે છે. આ ઉપરાંત સરકારની ખેલ મહાકુંભ અને ફિટ ઈન્ડિયા મુવમેન્ટ જેવા કાર્યક્રમોના પગલે પણ આગળ વધવામાં મદદ મળી છે. સરકારના રમત ગમત ક્ષેત્રમાં પ્રોત્સાહક પ્રયાસોના પગલે આજે વિવિધ રમતગમત ક્ષેત્રોમાં ગુજરાતના યુવાનો સારો દેખાવ કરી રહયા છે. ત્યારે વિશાલે હજુ વધુ આગળ વધી આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લઈ સારા દેખાવની આશા વ્યકત કરી હતી.

પોતાના આ ખેલ કૌશલ્યના પગલે માન્યતા પ્રાપ્ત ટ્રેનર બની પોતાનું જીમ ચલાવતાં વિશાલ સોલંકી અન્ય યુવાનો માટે પ્રેરક બન્યા છે. તેનું તાજું ઉદાહરણ વિશાલ ચૌહાણ છે પોતાની સાથે લુણાવાડાના નગરપાલિકા પાછળ રહેતા બીજા યુવાન વિશાલ રમેશભાઈ ચૌહાણને પણ પ્રેરણા આપી તો તેણે પણ રાષ્ટ્રીય કક્ષાએ સુવર્ણ ચંદ્ર મેળવી ગૌરવવંતી સિધ્ધિ મેળવી છે.

બંને યુવા એથ્લેટ્સ કોરોનાના સંકટકાળમાં રોગ પ્રતિકારક શક્તિ માટે શારીરિક સ્વાસ્થ્ય જાળવી રાખવા ફિટનેસ ખૂબ જરૂરી છે અને યોગા અને વિવિધ કસરતોથી શરીરને ચુસ્ત તંદુરસ્ત અને રોગમુકત રાખી શકાય છે. તેમ જણાવતાં વધુ મહેનત સાથે આગામી સ્પર્ધાઓમાં ભાગ લઈ સારા દેખાવનો સંકલ્પ વ્યકત કર્યો હતો.

## મહીસાગર ક્ષય કેન્દ્ર દ્વારા ૨૪ માર્ચ વિશ્વ ક્ષય દિવસ અંતર્ગત આરોગ્યલક્ષી સેમિનાર યોજાયો



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ ૨૪ માર્ચ વિશ્વ ક્ષય દિવસ અંતર્ગત મહીસાગર જિલ્લા ક્ષય કેન્દ્ર તેમજ લુણાવાડા તાલુકા આરોગ્ય કચેરીના માર્ગદર્શન હેઠળ શીતલ નર્સિંગ સંસ્થા ઘોડારિયા ખાતે ક્ષય રોગ અંગેની વિસ્તૃત માહિતી અંગેનો સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સેમિનારમાં લુણાવાડા અર્બન આરોગ્ય કેન્દ્રના આયુષ તબીબ ડો.કલ્પેશ એમ. સુથાર દ્વારા ક્ષય રોગના શંકાજનક દર્દીના લક્ષણો, ક્ષય રોગ અંગેના પરીક્ષણ વિશે તેમજ સારવાર વિશે નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓને વિગતવાર માહિતી આપી હતી. ક્ષય વિભાગના નિરીક્ષક મયુરભાઈ સોનીએ સરકાર તરફથી મળતી નિક્ષય પોષણ સહાય યોજના, સમાજ કલ્યાણ સહાય યોજના અને ટીબી રોગના તમામ નિદાન વિના મૂલ્યે આપવામાં આવે છે તેમ જણાવતા આ સેમિનારમાં તમામ વિદ્યાર્થીઓને ઉપયોગી આરોગ્ય શિક્ષણ પૂરૂ પાડવામાં આવ્યું હતું તેમજ ટીબી મુક્ત ભારત અને ટીબી હારેગા દેશ જીતેગાનો સંકલ્પ વ્યકત કરવામાં આવ્યો હતો.

## વિરણીયા ખાતે રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત એડોલેશન ફ્રેન્ડલી હેલ્થ કલબનું આયોજન




લુણાવાડા,

લુણાવાડા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિરણીયા ખાતે તાલુકા હેલ્થ ઓફિસર ડો. જે કે પટેલ ના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત એડોલેશન ફ્રેન્ડલી હેલ્થ કલબ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સબ સેન્ટર–વિરણીયા, ઝારા અને બામણવાડ પિયર એજ્યુકેટર અને આશા બહેનોને બોલાવીને રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ વિશે સમજાવવામાં આવ્યા હતા. તેઓને કિશોર–કિશોરી ના શારીરિક, માનસિક, સામાજિક ફેરફારો વિશે સમજ આપવામાં આવી હતી. પોષણયુક્ત આહાર, બિન ચેપી બીમારીઓ રોકથામ ,એનિમિયા વિશે ,આઈ એફ એ ગોળી લેવાથી થતા ફાયદા નાની ઉંમરે લગ્ન, શાળા છોડી દેવા ના કારણો, ધુમ્રપાન થી થતા નુકસાન જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને પિયર એજ્યુકેટર આર કે એસ કે કોરોના કીટ આપવામાં આવી હતી.

## ગોધરા પ્રભારોડ ઉપર આવેલ બંધ બંગલાને તસ્કરોએ નિશાન બનાવી ૧.૨૨ લાખની ચોરી કરતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા પ્રભારોડ ઉપર ગાંધી પેટ્રોલ પંપ નજીક આવેલ બંધ બંગલાને ચોર ઈસમો એ નિશાન બનાવ્યો હતો. બેડરૂમની બારીનો કાચ તેમજ ગ્રીલ તોડી ઘરમાં પ્રવેશ કરી ચોર ઈસમો એ સોના–ચાંદીના દાગીના, ઘડીયાળ તથા રોકડા રૂપીયા મળી ૧,૨૨,૫૦૦/–રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર પ્રભારોડ ઉપર ગાંધી પેટ્રોલ પંપ નજીક આવેલ અમિતભાઈ રમેશચંદ્ર દેસાઈના બંધ બંગલાને તસ્કરો એ નિશાન બનાવ્યો હતો. અજાણ્યા ચોર ઈસમો એ બેડરૂમની કાચની બારીના કાચ અને ગ્રીલ તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. બેડરૂમમાં રાખેલ તિજોરી માંથી સોનાના દાગીના, ચાંદીના ગ્લાસ, કાંડા ઘડીયાળ તથા રોકડા રૂપીયા ૧૭,૦૦૦/–મળી કુલ ૧,૨૨,૫૦૦/–રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૫-૦૩-૨૦૨૧, ગુરૂવાર, ફાગણ સુદ-૧૧, સૂર્યોદય-૬-૨૦, સૂર્યાસ્ત-૬-૩૪, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્ર: આશ્લેષા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૫.૦૩.૨૦૨૧ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.) :- નવી યોજનાઓમાં અનુકુળતાઓ વધવાની છે સંસ્થામાં સારો હોદ્દો મળે. આત્મવિશ્વાસ વધારવો.

વૃષભ(બ.વ.ઉ.) :- મિત્રો સાથે મતભેદો ટાળજો. સાહસિકો એ થોડી ધીરજ રાખવી વિદેશ જવાની તક માટે સારો સમય.

મિથુન(ક.છ.ઘ.) :- શેર સટ્ટામાં લાભ નિર્ણયો બાબત સતર્કતા જરૂરી નોકરીમાં અનુકુળતા સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય.

કર્ક(ડ.હ.) :- માતુશ્રીનો સહકાર રહે. વિદેશ જવાની ઈચ્છા ફળવાની જમીન-મકાનના કાર્યોમાં અનુકુળતા કર્જ કરવાથી જાળવવું

સિંહ(મ.ટ.) :- પરિવારના ઉત્સાહ વધવાનો, નોકરીમાં નવી ઓફર બાબત ઉતાવળ ન કરવી અપરણીતોને સફળતા રહે.

કન્યા(પ.ઠ.ણ.) :- નાણાકીય પ્રશ્નો ઉભા થાય. પરિવારના સભ્યોનો સાથે સહકાર મેળવવો. નકારાત્મક વિચારોથી દૂર રહેજો.

તુલા(ર.ત.) :- દિવસ દરમ્યાન ભાગીદારી યોજના બાબત સફળતા સગાઈ લગ્નના કાર્યોમાં મનગમતું પાત્ર મલે મિત્રોથી લાભ.

વૃશ્ચિક(ન.ય.) :- દિવસ ઉત્સાહ વાળો રહે. છતાં નિર્ણયો બાબત સજાગ રહેજો મોસાળથી લાભ નોકરીમાં બદલીના લાભ.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- શેર સટ્ટામાં ધ્યાન પડે. વિજાતીય મિત્રતા ગાઢ બને. નકામા વિચારો ટાળજો અંધશ્રધ્ધાથી દૂર રહેજો.

મકર(ખ.જ.) :- દિવસ દરમ્યાન કાલ્પનીક ભય રહે. રહેણાંકના મકાનના પ્રશ્નોમાં ધ્યાન દેવું ઉતાવળા નિર્ણયો ન લેવા.

કુંભ(ગ.શ.સ.) :- અચાનક યાત્રા પ્રવાસનો યોગ ઉભો થાય ભાઈ-બહેનો સાથે સુમેળ વધે. રાજકીય રીતે ન ધારેલો લાભ રહે.

મીન(દ.ચ.ઝ.) :- પરિવારના પ્રશ્નો માં ધ્યાન દેવુ પડે. આર્થિક બાબતોને લઈને ટેન્સન રહે. સંતાનો સાથે સુમેળ રાખવો.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## કોરોના વાયરસના સુપર સ્પ્રેડર ના બનો, સમયસર કોરોના ટેસ્ટ કરાવો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ કલેક્ટર વિજય ખરાડીએ એક નિવેદનમાં જણાવ્યું કે, કોરોના વાયરસનું સંક્રમણ ફેલાવવામાં માધ્યમ બનતા લોકો સમયાંતરે અને વેળાસર ટેસ્ટ કરાવતા રહે એ જરૂરી છે. તેમણે કહ્યું કે, સુપર સ્પ્રેડર બનવાની શક્યતા ધરાવતા લોકોએ સમયાંતરે ટેસ્ટ કરાવવા જોઈએ. નાગરિકો ઘરની બહાર નીકળતી વખતે માસ્ક પહેરવાનું ભૂલે નહીં એ જરૂરી છે. માસ્ક ન પહેનારા નાગરિકોને રૂ. એક હજારનો દંડ કરવાની ઝૂંબેશ ચાલું છે.

કામધંધા અર્થે બહાર જતા આ યુવાનો ઘરના જ દાદા, દાદી કે વડીલો જેમની મોટી ઉંમર છે કે અન્ય કોઈ રોગ પણ છે તેમને કોરોનાનો ચેપ લગાવે છે. માટે યુવાનોએ આ બાબતે ખાસ સાવચેતી રાખવી જોઈએ. બે ગજની દૂરી, માસ્ક અને સામાજિક અંતરનું તેઓએ ચુસ્ત પાલન પોતાના જ પરિજનો–વડીલો માટે કરવું જરૂરી છે. ખાસ કરીને બજારમાં ટોળે વળતાં યુવાનો ચેતે અને કોઈ પણ પ્રકારની ભીડથી દૂર રહે તથા કામ પૂરતું જ ફરવાનું રાખે.

તેમણે જણાવ્યું કે, કોરોના મહામારીના સમયમાં આપણે સ્વાસ્થ પ્રત્યે વધુ સજાગ બન્યા છે. અને કોરોના મહામારી સામે રક્ષણ માટે એ જરૂરી પણ છે. આપણે આપણી રોજિંદી જીવનશૈલીમાં યોગ, પ્રાણાયામ, ધ્યાન, પોષ્ટીક આહાર, અને આયુષ મંત્રાલય દ્વારા સૂચવવામાં આવેલા ઉપચારોને અપનાવવા જોઈએ.

તેમણે જણાવ્યું કે, વેપારીઓ, શાકભાજીના વેપારી અને ફેરિયાઓ, વિવિધ સેવાઓ સાથે સંકળાયેલા લોકોએ સમયસર ટેસ્ટ કરાવતા રહેવું પડશે. જેથી તેમના કારણે અન્ય લોકોને સંક્રમણ લાગે નહીં.

## માનસિક અસ્વસ્થ મહિલાને મધ્યપ્રદેશ પહોંચાડતા અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન દાહોદ



ગરબાડા,

ગરબાડામાં મળી આવેલ મધ્ય પ્રદેશની મહિલાને દાહોદ પોલીસની સહાયતા થી તેના વતન પહોંચાડવામાં અભયમ ૧૮૧મહિલા હેલ્પલાઈન ટીમ દાહોદ ને સફળતા મળી હતી.

થર્ડપાટી એ કોલ કારેલ ૧૮૧ પર કોઈ અસ્થિર મગજ ની મહિલા મલી આવેલ છે. ગામડામાં બધા માણસો પર પથ્થરમારો કરે છે, અપશબ્દ બોલે છે , ક્યાં થી આવેલ છે, કઈ ખબર પડતી નથી. બધાના ઘર માં ઘુસી જાય છે અને કપડાં લઈ ને પહેરે છે હેરાન કરે છે.

૧૮૧ ટીમ સ્થળ પર પહોંચી wid ના કપડાં ગંદા થયેલ અને ખેતરના આરેટવા લાગેલ એવી પરિસ્થિતિમાં જોઈ. ૧૮૧ ટીમ એ wid ની જોડે જઈ શાંતિ થી પથ્થર હાથમાં હતો એ જમીન પર ફેકાવેલ. પાણી પીવડાવેલ ભૂખ લાગેલ હતી તો જમવાનું આપેલ, પ્રેમ થી વાતચીત કરી ૧૮૧ ટીમ wid ને વાનમાં બેસાડી તો wid ગીતો ગાવા લાગેલ, તેની બોલવાની ભાષા મધ્ય પ્રદેશની લાગતી હતી. તો ૧૮૧ ટીમ એ વાતો કરી wid જોડે અને પૂછ પરછ કરી તો લગ્ન ગીતમાં ગાતી તો અલીરાજપુર , ભાભરા બોલેલ તો ૧૮૧ ટીમ ને ખ્યાલ આવેલ કે મધ્ય પ્રદેશના જ છે wid ૧૮૧ ટીમ wid ને લઈ ને જિલ્લો : દાહોદ ની હદ સુધી wid ને વાન માં બેસાડી ને લઈ ગયા ત્યાં થી મધ્ય પ્રદેશ ના માણસો અવર જવર કરતા એમનો કોન્ટેક્ટ કરી. મધ્ય પ્રદેશની પોલીસ નો કોન્ટેક્ટ કરી. ૧૮૧ ટીમ એ જણાવેલ કે અલીરાજપુર, ભાભરા નો કોન્ટેક્ટ કરી આપો એ રીતે કોન્ટેક્ટ કરેલ wid ની એક એક વાતો સાંભરી ને સરનામું લઈ સાચું સરનામું જાણેલ. wid સેજાવાડા બોલી તો એ ગામ છે એ M. P. ની police ને પૂછ્યું તો જણાવેલ કે હા છે તે ગામ ના સરપંચ નો કોન્ટેક્ટ કરી wid ના છોકરા નો કોન્ટેક્ટ કરેલ wid નો છોકરો તાત્કાલિક લેવા આવેલ widનો એના મોબાઈલમાં ફોટો બતાવેલ અને જણાવેલ કે મારી મમ્મીનું મગજ પાંચ વર્ષ થી બગડી ગયું છે. તો ઘરમાં એક વાર આગ લગાવી તો એના ડોક્યુમેન્ટ સરગી ગયેલ.૧૮૧ એ મેન્ટલી હોસ્પિટલમાં સારી સારવાર કરાવવા સલાહ આપેલ. wid નો છોકરો એની જવાબદારી થી લખાણ આપી ને wid ને લઈ ગયેલ.



હોળીના ગણતરીના દિવસ રહી ગયા છે. ત્યારે દાહોદ શહેરના નાના–મોટા વેપારીઓ પાસે ફાગણીયો ગીત સંભળાવી નાચી અને પરિવાર સહિત હોળીની ગોઠ ઉઘરાવતા તસવીરમાં દશ્યમાન થાય છે.

## દાહોદ જીલ્લામાં બંદુક-તલવાર સહિતના શસ્ત્રો સાથે રાખવા પર પ્રતિબંધ મૂકતાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ



દાહોદ,

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એમ. જે. દવેએ ગત તા. ૨૩ ના રોજ એક જાહેરનામું પ્રસિદ્ધ કરીને જિલ્લામાં કેટલાંક કૃત્યો પર આગામી ૩૦ દિવસ સુધી પ્રતિબંધ મૂકયો છે. જાહેરનામાં મુજબ શસ્ત્રો, દંડા, તલવાર, ગુપ્તી, ધોકા, બંદુક, છરો, લાકડી કે લાઠી, સળગતી મશાલ કે શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ પણ સાધન સાથે લઈને ફરવું નહી. કોઈપણ ક્ષયકારી પદાર્થ કે સ્ફોટક પદાર્થ સાથે રાખવો નહી. પથ્થર કે અન્ય ફેંકી શકાય તેવી વસ્તુઓ કે એ માટેના યંત્રો કે સાધનો સાથે લઈ જવા નહી, એકઠા કે તૈયાર કરવા નહી. મનુષ્યોની આકૃતિ કે પૂતળા દેખાડવા નહીં, અપમાનિત કરવાના કે જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં કે ટોળામાં ફરવું નહી.

આ ઉપરાંત છટાદાર ભાષણો, ચાળા પાડવાની કે નકલ કરવાની કે ચિત્રો, નિશાનીઓ કે જાહેરખબરો કે બીજી કોઈ વસ્તુ તૈયાર કરવાની, દેખાડવાની કે ફેલાવો કર્યાથી જો આ અંગેના અધિકારીના અભિપ્રાય મુજબ સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય કે રાજયની સલામતી જોખમાતી હોય તેની જાહેરનામા દ્વારા મનાઈ કરવામાં આવી છે. આ હુકમ કેટલાંક ખાસ પ્રસંગો જેવા કે, ધાર્મિક વિધી, મરણોત્તર ક્રિયા ઉપરાંત સરકારી કર્મીઓ જેમને હથિયાર સાથે રાખવાનું હોય, આ માટેના પરવાનેદારો, સરકારી કામે પ્રવાસ કરતાં વાહનોને આ હુકમ લાગું પડશે નહી. જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

## દાહોદ, ઝાલોદ, દેવગઢ બારિયા અને લીમડીના નાગરિકો કોરોના સામે વિશેષ કાળજી લે

દાહોદ,

સમગ્ર દાહોદ જિલ્લામાં છેલ્લા એક તબક્કાથી વધી રહેલા કોરોના વાયરસના કેસોનો અભ્યાસ કરતા એવી બાબત સામે આવી છે કે, દાહોદ નગર, ઝાલોદ નગર, દેવગઢ બારિયા અને લીમડી ગામમાંથી મોટા ભાગના કેસો મળી રહ્યા છે. આ વિસ્તારો કોરોના વાયરસનું હોટસ્પોટ બની ગયા છે. અહીં વસતા લોકોએ કોરોના વાયરસને નિયંત્રિત કરવામાં આ વિસ્તારોએ વિશેષ કાળજી દાખવવી પડશે.

કલેક્ટર વિજય ખરાડીએ જણાવ્યું કે, નાગરિકોએ કોરોના વાયરસ અંગે સરકાર દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકામાં સ્વયંભૂ ચુસ્તપણે પાલન કરવું પડશે. આવું કરવામાં આવે તો જ લોકોને વાયરસના સંક્રમણથી બચાવી શકાશે.

તેમણે ઉમેર્યું કે, નાગરિકો બિનજરૂરી રીતે ઘરની બહાર ના નીકળે તે ઈચ્છનીય છે. બહારથી ઘરે આવે ત્યારે સેનિટાઈઝેશનની પ્રક્રીયા કરવી જોઈએ. બને ત્યાં સુધી ભીડભાડ ધરાવતી જગ્યાઓમાં જવાનું ટાળવું પડશે. ભીડના કારણે કોરોના વાયરસ ફેલાઈ શકે છે, એ વાત આપણે સૌ જાણીએ છીએ. એથી આપણે ભીડનો હિસ્સો ના બનવું જોઈએ.

## મુખ્યમંત્રીનું મૌન પરેશાન કરનારું, મહારાષ્ટ્ર સરકાર મહાવસૂલી સરકાર બની : ફડણવીસ



મુંબઈ,

મહારાષ્ટ્રમાં ૧૦૦ કરોડ રૂપિયાની વસૂલીના મામલે જબરદસ્ત રાજકીય ઉથલપાથલ જોવા મળી રહી છે. આ બધા વચ્ચે મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં ભાજપના નેતાઓએ આજે રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી સાથે મુલાકાત કરી. રાજ્યપાલ સાથે વાતચીત બાદ દેવેન્દ્ર ફડણવીસે પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું કે અમે રાજ્યપાલ સાથે મુલાકાત કરીને આખા મામલે જાણકારી આપી.

મહારાષ્ટ્ર ભાજપના નેતા સુધીર મુનગંટીવારે કહ્યું કે અમે રાજ્યપાલ પાસે રાજ્યમાં શાસન અને કોરોના સંબંધિત વિભિન્ન મુદ્દાઓ પર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પાસે રિપોર્ટ માંગવાની ભલામણ કરી. અમે તેમને ભ્રષ્ટાચાર સાથે જોડાયેલા મુદ્દા પર હસ્તક્ષેપ કરવાની પણ અપીલ કરી.

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે મહારાષ્ટ્રમાં જે પ્રકારની ઘટનાઓ ઘટી રહી છે તે પછી પૈસાની વસૂલીની ઘટના હોય કે ટ્રાન્સફર રેકેટ તે તમામ ઘટનાઓ દુખદ છે. આટલી બધી ઘટનાઓ ઘટવા છતાં પણ મુખ્યમંત્રીએ તેના પર એક પણ નિવેદન આપ્યું નથી. તેમણે કહ્યું કે આ મામલે મુખ્યમંત્રીનું મૌન સૌથી વધુ પરેશાન કરનારું છે.

પ્રેસ કોન્ફરન્સમાં દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે હપ્તા વસૂલી, ટ્રાન્સફર, કોવિડ ૧૯ પર રાજ્ય સરકારે શું એક્શન લીધા છે તેનો રાજ્યપાલે રિપોર્ટ માંગવો જોઈએ. અમે એ જ માગણી કરી છે. તેમણે કહ્યું કે સરકાર સારી રીતે ચાલી રહી નથી. આ ત્રણેય પાર્ટીઓને ખબર છે કે હપ્તા વસૂલી થઈ રહી છે. મહારાષ્ટ્ર સરકાર હવે મહાવસૂલી સરકાર બની ચૂકી છે. આ સરકારમાં હવે નૈતિકતા બચી નથી.

દેવેન્દ્ર ફડણવીસે આ દરમિયાન કોંગ્રેસ પાર્ટી ઉપર પણ નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે કોંગ્રેસ જણાવે કે આ વસૂલીમાંથી તેમને કેટલો ભાગ મળ્યો. શરદ પવારે બે વાર પત્રકાર પરિષદ કરી પરંતુ તેમણે પણ આરોપીઓને બચાવવાની જ કોશિશ કરી.

## મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાં ૬૫ અધિકારીઓ સહિત ૮૬ પોલીસકર્મીઓની બદલી

મુંબઈ,

મહારાષ્ટ્ર રાજ્યમાં પોલીસ અધિકારીઓની બદલીમાં વચેટિયાઓની વગ હોવાનો આરોપ લગાવતો ગુપ્તચર વિભાગ તરફથી એક અહેવાલ મળ્યા બાદ રાજ્ય સરકારે મુંબઈ શહેરના પોલીસ તંત્રમાં ધરખમ ફેરફારો કર્યા છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાં ૬૫ અધિકારીઓ સહિત ૮૬ પોલીસકર્મીઓની બદલી કરી નાખી છે. આ બધાયને શહેરમાં જુદા જુદા પદ પર ટ્રાન્સફર કરી દેવામાં આવ્યા છે. મુકેશ અંબાણીના નિવાસસ્થાન એન્ટિલિયાની નજીક વિસ્ફોટકો ભરેલી કાર મળી આવ્યા બાદ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ મુંબઈના પોલીસ અધિકારી સચીન વાઝેની ધરપકડ કરતાં જે વિવાદ ઊભો થયો છે તેની પાર્શ્વભૂમિમાં સરકારે બદલીઓનો નિર્ણય લીધો છે. બદલી કરાયેલા તમામ અધિકારીઓ વર્ષોથી ક્રાઈમ બ્રાન્ચમાં હતા. ક્રાઈમ બ્રાન્ચના ક્રિમિનલ ઈન્ટેલિજન્સ યૂનિટ (સીઆઈયૂ)ના ૬૫ અધિકારીઓને ટ્રાન્સફર કરી દેવાયા છે. ઉલ્લેખનીય છે કે, ક્રાઈમ બ્રાન્ચમાં સીઆઈયૂની આગેવાની અગાઉ સચીન વાઝેના હાથમાં હતી.

## દે.બારીઆ નગર પાલિકાના પ્રમુખ તરીકે ચૂંટાયા ડૉ. ચાર્મી સોની



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

જીલ્લા મ્યુનિસીપલ ચુંટણી અધિકારી અને કલેકટર જીલ્લા સેવાસદન વશી નં.૨૬૭૬ થી ૨૭૦૨ તા.૧૮/૦૩/૨૦૨૧ના ગુજરાત નગર પાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખ ચુંટણી નિયમો–૧૯૯૪ના નિયમ–૪ની જોગવાઈના સંઘને નોટીસ અનુસાર દે.બારીઆ નગર પાલિકા પ્રમુખના હોદ્દાની બીજી ટર્મની બાકીની મુદ્દત માટે નગર પાલિકા પ્રમુખના ચુંટણી અંગે તા.૨૪/૦૩/૨૦૨૧ બુધવારના રોજ સવારના ૧૧.૦૦ કલાકે નગર પાલિકાના સભાખંડમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે સભા રાખવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તા.૧૪/૦૮/૨૦૧૫નાનો રિફીકેશન નંબર કેવી/૨૪૭ એફ ૨૦૧૫/એનપીએલ/૪૫૧૩/૧૦૩/એમ. મુજબ દે.બારીઆ નગર પાલિકાના પ્રમુખના હોદ્દાના બીજી ટર્મ માટે રોસ્ટર–૩ મુજબ “સામાન્ય” સ્ત્રી માટે જગ્યા રખાયેલ છે. જે નિગરાણી માટે પ્રાન્ત અધિકારી દે.બારીઆને અધિકૃત કરવામાં આવેલ હતા. જે પ્રમુખને ચુંટવા માટે નગર પાલિકાના ૨૪ સભ્યો માંથી ૨૦ સભ્યો હાજર રહ્યા હતા. જેમાં મદિના ભીખા વિરૂદ્ધ ૨૦૧૮માં અવિશ્વાસ આવતા પ્રમુખનું ફોર્મના ભરી શકે તે માટે ડૉ. ચાર્મી સોની એ પ્રાંત અધિકારીને એક અરજી કરી ફોર્મ રદ કરાવ્યું હતું. જ્યારે વોર્ડ નં.૬ના સભ્ય ગૌરાંગ પંડ્યા તબીયત નાદુરસ્ત હોવાના કારણે ગેરહાજર હતા. તેમજ ઝહિર અલી મકરાણી કોંગ્રેસના મેન્ડેટ ઉપર ચુંટાયા હતા. તે પણ ગેરહાજર જણાયા હતા. જેથી વિરોધ પક્ષનો કોઈ જ ઉમેદવારી પ્રમુખ માટેના નોંધાવત ભાજપના મેન્ડેટ ઉપર જીતેલા ડૉ. ચાર્મીબેન સોની બિનહરીફ હાજર સભ્યો જેમાં બીજેપીના તથા કોંગ્રેસ પક્ષ માંથી આવેલ તમામ સભ્યો એ ડૉ. ચાર્મીબેન સોનીને સર્વ સંમતિ થી બાકી ટર્મ અને સમય માટે પ્રમુખ તરીકે ચુંટી કાઢ્યા હતા. આની સાથે નગર પાલિકાના બહાર રોડ ઉપર ભાજપના કાર્યકરોમાં ખુશીની લહેર જોવા મળી હતી અને ફટાકડા સાથે ઢોલનગારા અવાજ ગુંજી ઉઠ્યા હતા.

આની સાથે ભાજપ પક્ષની ચાણક્ય થીયરી એ એક કાંકરે બે પક્ષીને નિશાનમાં લીધા હતા. સામાન્ય ચુંટણીમાં ભાજપ સત્તા થી દુર રહી હતી અને પનો ટુંકો પડતા કોંગીની બોડી બનવા પામી હતી. જેમાં શ્રીમતિ મદીના ભીખા પ્રમુખ ચુંટાયા હતા. તે બોડી થોડા સમયમાં અવિશ્વાસ લાવીને તોડી પાડી હતી. કોંગીના મહિલા ઉમેદવારને પ્રમુખ નાથાણી ટુંક સમયમાંજ આયાતિ પ્રમુખને દલબદલનો કાયદો લાગુ પડી તેમને સસ્પેન્ડ કરી દીધા હતા. લાખોનું હોર્સ ટ્રેડીંગ થયો હતો. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું હતું. અઢી વર્ષમાં કેટલા ખેલ ખેલાયા ચૂક્યા છે. કોંગીના એકને બાકાત રાખી તમામ સભ્યોને હોર્સ ટ્રેડીંગ થી ભાજપમાં સમાવ્યા તેમજ આમ જનતામાં ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યું હતું. દે.બારીઆ શહેરના વિકાસના કાર્યો કરવામાં હવે તો કોઈ બાધા નહિ આવે તેવું શહેરની આમ જનતા ઈચ્છી રહી છે.

## દેશના ૧૮ રાજ્યોમાં કોરોના વાયરસનું નવું મ્યૂટેંટ વેરિએન્ટ જોવા મળ્યું



ન્યુ દિલ્હી,

દેશમાં વધતા કોરોનાની વચ્ચે કોરોનાના ડબલ મ્યૂટેંટ વેરિએન્ટે ચિંતા વધારી દીધી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી બુધવારના જણાવવામાં આવ્યું કે, દેશમાં કોરોના વાયરસનું એક નવું મ્યૂટેંટ વેરિએન્ટ ૧૮ રાજ્યોમાં જોવા મળ્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી આપવામાં આવેલી જાણકારીએ કોરોનાને લઈને ચિંતા વધારે વધારી દીધી છે. ડબલ મ્યૂટેંટ વેરિએન્ટ ઉપરાંત બીજા સ્ટ્રેન પણ જોવા મળ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી આપવામાં આવેલી જાણકારી પ્રમાણે ૧૦ હજાર ૭૮૭ સેમ્પલ્સથી ૭૭૧ વેરિએન્ટ્સમાં VOCs જોવા મળ્યું છે. આમાંથી ૭૩૬ પોઝિટિવ સેમ્પલ્સ યૂકે વેરિએન્ટના સામેલ છે. તો દક્ષિણ આફ્રિકા વેરિએન્ટ વાયરસના ૩૪ સેમ્પલ પોઝિટિવ આવ્યા છે. દેશના ૧૮ રાજ્યોમાં આ VOCs વાળા સેમ્પલની ઓળખ થઈ છે. દેશમાં કોરોના વાયરસની સમગ્ર ‘જીનોમ સીક્વન્સિંગ’ના વિસ્તરણ અને આ સમજવા માટે ભારતી સાર્સ-કોવ-૨ જીનોમિક્સ INSACOG કંસોર્ટિયમ સ્થાપિત કરવામાં આવ્યું છે. INSACOG જીનોમ સિક્વન્સિંગ વાયરસના ફેલાવાની તપાસ કરી રહ્યું છે.

કેરળના ૧૪ જિલ્લાઓમાં કોરોનાના જે વેરિએન્ટ મળ્યા છે, તેવા જ વેરિએન્ટ ડેનમાર્ક, સિંગાપુર, જાપાન અને ઑસ્ટ્રેલિયામાં પણ આવા જ સ્ટ્રેન મળ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી કહેવામાં આવ્યું છે કે આના પર વધુ એક સ્ટડી ચાલી રહી છે. ડબલ મ્યૂટેંટ વેરિએન્ટનો મતલબ કોરોના વાયરસના બે અલગ-અલગ વેરિએન્ટથી સંક્રમિત થવું છે. દુનિયામાં આ પ્રકારનો પહેલો કેસ બ્રાઝીલમાં આવ્યો હતો. મહારાષ્ટ્ર, પંજાબ, કર્ણાટક, છત્તીસગઢ અને ગુજરાતમાં કોરોના વાયરસના નવા કેસમાં વધારો થયો છે. તો કોરોનાના વધતા કેસની વચ્ચે ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસની રસી ૨૩ લાખથી વધારે લોકોને લગાવવામાં આવી છે.

## ગાઝિયાબાદના પૂજારીએ પૂર્વ રાષ્ટ્રપતિ કલામને જિહાદી કહેતા વિવાદ



ગાઝિયાબાદ,

દિલ્હી-એનસીઆરના પ્રમુખ શહેર ગાઝિયાબાદના ડાસના દેવી મંદિરના પુજારીએ પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ પર નિશાન સાધ્યું છે. નરસિંહાનંદ સરસ્વતીએ અલીગઢ ખાતે કહ્યું હતું કે, દેશના શીર્ષસ્થ પરિવારોમાં કોઈ પણ મુસ્લિમ ભારત સમર્થક ન હોઈ શકે અને કલામ એક જિહાદી હતા. કોઈ પણ જાતના પુરાવા વગર તેમણે ડૉ. કલામ પર ડીઆરડીઓ પ્રમુખના રૂપમાં પાકિસ્તાનને પરમાણુ બોમ્બની ફોર્મ્યુલા પૂરી પાડવાનો આરોપ લગાવ્યો હતો.

પુજારીએ કરેલા દાવા પ્રમાણે ડૉ. કલામે રાષ્ટ્રપતિ ભવનમાં એક સેલની રચના કરી હતી જ્યાં કોઈ પણ મુસ્લિમ પોતાની ફરિયાદ નોંધાવી શકે છે. આ મહંત ગાઝિયાબાદના એ મંદિરના જ મહંત છે જ્યાં થોડા દિવસો પહેલા કથિત રીતે પાણી પીવા મામલે એક મુસ્લિમ યુવકને માર મારવામાં આવ્યો હતો. તે ઘટના બાદ પોલીસે શિરાંગી નંદ યાદવ નામના આરોપીની ધરપકડ કરી લીધી હતી. સોશિયલ મીડિયા પર આ ઘટનાની ભારે ટીકા થઈ હતી ત્યારે હવે મંદિરના મહંતનું આ નિવેદન સામે આવ્યું છે અને ફરી ચર્ચા જાગી છે. ઉલ્લેખનીય છે કે, ભારતને પરમાણુ દેશ બનાવવાનો સૌથી મોટો શ્રેય એપીજે અબ્દુલ કલામને આપવામાં આવે છે. તેમના રાષ્ટ્રપતિ તરીકેના કાર્યકાળને પણ એક સફળ કાર્યકાળ તરીકે જોવામાં આવે છે. તેવા સંજોગોમાં મંદિરના પુજારીની ટિપ્પણીથી અનેક સવાલો ઉભા થાય છે.

## લીમખેડા ખાતે યોજાનારી ધોરણ ૬માં પ્રવેશ માટેની પરીક્ષા તા.૧૬ મે ના રોજ યોજાશે

દાહોદ,

લીમખેડા ખાતેના જવાહર નવોદય વિદ્યાલયનાં આચાર્ય પી.એસ. સાબલેએ એક યાદીમાં જણાવ્યું છે કે, અત્રેના વિદ્યાલય ખાતે વર્ષ ૨૦૨૧–૨૨ માટે ધોરણ ૬ માં પ્રવેશ મેળવવા તા. ૧૦–૪–૨૦૨૧ ના રોજ યોજાનારી પ્રવેશ પરીક્ષા વહીવટી કારણોસર તા. ૧૬–૫–૨૦૨૧ ના રોજ સવારે ૧૧ વાગે રાખવામાં આવી છે. આવેદન કરનારા ઉમેદવારોએ website : www.navodaya.gov.in પરથી પ્રવેશપત્ર મેળવી શકશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 180

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરાના ભામૈયા ગામે સોનચ્યા તળાવ માંથી

# મુંબઈ-દિલ્હી નેશનલ કોરીડોર માટે થતાં માટીના ખોદકામનો સ્થાનિકોનો વિરોધ





- સ્થાનિક ગામના રહિશો અને પશુપાલકોને તળાવ ઊંડુ થતાં પશુઓ ડુબી જવાની દહેશત વ્યકત કરી.
- સ્થાનિક રહિશો પંચાયતમાં ઠરાવ ન થયા હોવાનો આક્ષેપ.
- આજરોજ પશુપાલકો એ તળાવ માંથી થતાં ખોદકામને અટકાવી વિરોધ કર્યો.

ગોધરા, ભારત માલા પ્રોજેકટ અંતર્ગત મુંબઈ–દિલ્હી નેશનલ કોરીડોર માટે ગોધરા તાલુકાના ભામૈયા ગામે આવે સોનચ્યા તળાવ માંથી થઈ રહેલ માટીના ખોદકામને પશુપાલકો એ વિરોધ કરી ખોદકામ બંધ કરાવવામાં આવ્યું.

ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારમાં ભારત માલા પ્રોજેકટ અંતર્ગતના મુંબઈ–દિલ્હી નેશનલ કોરીડોરની કામગીરી ચાલી રહી છે. તેના માટે ભામૈયા ગામના સોનચ્યા તળાવમાંથી માટીનું ખોદકામ કરવામાં આવી રહ્યું છે. તળાવ માંથી માટીનું ખોદકામનો સ્થાનિક પશુપાલકો એ વિરોધ દર્શાવી બંધ કરાવ્યું છે. સ્થાનિક લોકોના કહેવા પ્રમાણે સોનચ્યા તળાવ માંથી માટીના ખોદકામ માટે ગ્રામ પંચાયતમાં ઠરાવ કરવામાં આવ્યો ન હોવાના આક્ષેપ કર્યા છે. તળાવ માંથી નિયમ વિરૂદ્ધ એક રોયલ્ટી પાસમાં ચાર થી પાંચ જેટલા ડમ્પર માટીનું ખોદકામ કરીને લઈ જવામાં આવી રહ્યો છે. સ્થાનિક રહિશોમાં રોષ છે કે, જો આ રીતે તળાવ ઊંડુ કરવામાં આવે તો ચોમાસા દરમ્યાન પશુઓ પાણીમાં ડુબી જવાની દહેશત રહે તેમ છે. આવા આક્ષેપ સાથે સ્થાનિક રહિશો દ્વારા તળાવ માંથી કરાતા માટીના ખોદકામને બંધ કરવામાં આવ્યું છે. સાથે આસપાસના પશુપાલકો એ રસ્તા ઉપર બેસીને વિરોધ કરવામાં આવ્યો હતો.

### તળાવ ઊંડુ થતા પશુપાલકોને પશુઓ ડુબવાની દહેશત

ભામૈયા ગામ સહિત આપસાના વિસ્તારના લોકો પશુપાલન સાથે સંકળાયેલા માલધારી પરિવારો વસવાટ કરે છે. આ વિસ્તારમાં પશુપાલકો પાસે ૧૦ હજાર ઉપરાંત પશુધન ધરાવે છે. ત્યારે જો આ તળાવને અતિશય ઊંડુ કરવામાં આવે તો પશુઓ ડુબી જવાની ઘટના બને તેમ છે.

### ખાણ-ખનિજ વિભાગ તળાવ માંથી ૯૫ હજાર મેટ્રીક ટન માટી ખોદવાની મંજુરી આપી

ભામૈયા ગામના સ્થાનિક લોકો દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે, ગ્રામ પંચાયતમાં ઠરાવ થયા વગર માટીનું ખોદકામ કરવામાં આવી રહ્યું છે. જયારે હકીકત મુજબ ભારત માલા પ્રોજેકટ હેઠળ ચાલી રહેલ રોડની કામગીરી માટે ભામૈયા ગ્રામ પંચાયતના ઠરાવ મુજબ ખાણ-ખનિજ વિભાગ દ્વારા નિયમ અનુસાર તળાવ માંથી ૯૫ હજાર મેટ્રીક ટન માટી ખોદકામ કરવાની અનુમતી આપવામાં આવી છે.

## પંચમહાલ જીલ્લા સહિત શહેરામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કર્મચારીઓના પડતર પ્રશ્નોની મુખ્યમંત્રીને રજુઆત

શહેરા, શહેરા સહિત સમગ્ર જિલ્લામાં આવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક હાઈસ્કૂલોના કર્મચારીઓના પાંચ વર્ષની ફિકસ પગારની નોકરી સળંગ કરવા તેમજ સાતમા પગારપંચના એરિયર્સ હપ્તા છેલ્લા બે વર્ષથી હપ્તા ચુકવાયેલા નહી હોવા સહિત અનેક પડતર પ્રશ્નોને લઈને માધ્યમિક શિક્ષક સંઘ, મહામંડળ અને ગૂજરાત રાજય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા મૂખ્યમંત્રી, શિક્ષણમંત્રીને અનુદાનિત મા.અને ઉ.મા શાળાઓના શિક્ષકોના કાયમી પ્રશ્નો ઉકેલવા બાબતે રજૂઆત કરી છે.

શહેરા સહિત સમગ્ર જિલ્લામાં આવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક હાઈસ્કૂલોના કર્મચારીઓના પાંચ વર્ષની ફિકસ પગારની નોકરી સળંગ કરવા સહિતના અનેક પડતર પ્રશ્નોનો નિકાલ પાછલા કેટલાક વર્ષોથી અનેક રજૂઆત બાદ પણ નહીં આવી રહયો હતો. ત્યારે માધ્યમિક શિક્ષક સંઘ, મહામંડળ અને ગૂજરાત રાજય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા રાજયના મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રીને મૌખિક રજૂઆત સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. મૂખ્યમંત્રીને સંબોધીને આપવામા આવેલા આવેદનપત્રમા જણાવામા આવ્યુ હતું કે, અનૂદાનિત શાળાઓના શિક્ષક કર્મચારીઓની પાંચ વર્ષની ફિકસ પગારની નોકરી સળંગ કરવા બાબતે પ્રાથમીક શિક્ષકોના આંદોલનના સર્મથનના ટેકો જાહેર કરી ધરણા પ્રદર્શનો કર્યા હતા. જેમાં પ્રાથમિક શિક્ષકો પાંચ વર્ષની ફિકસ પગારની નોકરી સળંગ ગણવા બાબતેપરિપત્ર કરેલ અને અમારી અનુદાનિત શાળાઓના શિક્ષકકર્મચારીઓ માટે પરિપત્રને નહી કરીને અનુદાનિત શાળાના શિક્ષક કર્મચારીઓની પાંચ વરસ ગણવા પરિપત્ર કરવા સમાધાન કરેલ અને અમારા શિક્ષક કર્મચારીઓએ માર્ચ–૨૦૧૯ની પરીક્ષાના બહિષ્કારનો આદેશ પાછો ખેચી પરીક્ષાની કામગીરી કરેલ એ બાબતથી સુવિદિત છો આમ છતા આજ દિનસુધી પરિપત્ર નથી કરેલ તે દૂઃખદ અને અન્યાચી બાબત છે.

સાતમા પગારપંચના એરિયર્સ હપ્તા છેલ્લા બે વર્ષથી હપ્તા ચુકવાયેલા નથી. અમારી સળંગ નોકરી કરવા બાબતે, તેમજ સાતમા પગારપંચ, બીજા અને ત્રીજા હપ્તાની ચુકવણી બાબતે ધીરજખુટી ગઈ છે. આ મામલે બોર્ડની પરીક્ષા પહેલા નિર્ણય નહી લેવામા આવે તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. ગ્રાન્ટેડ માદયમિક અને ઉચ્ચતર માદયમિક શાળાના અનેક પડતર પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ આવે તેમ શિક્ષકો પણ ઈચ્છી રહયા છે. ત્યારે જોવું જ રહ્યું કે માદયમિક અને ઉચ્ચતર માદયમિક શાળાના પડતર પ્રશ્નો રાજય સરકાર દ્વારા ક્યારે ઉકેલ લાવવામાં આવે તે જોવુજ બન્યું છે.

## હોળી, ધુળેટીના તહેવારોને અનુલક્ષી જિલ્લા મેજીસ્ટ્રેટનું જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ

ગોધરા, પંચમહાલ જિલ્લામાં આગામી દિવસોમાં આવતા હોળી અને ધૂળેટીના તહેવારો દરમિયાન જાહેર જનતાને અડચણ, ત્રાસ કે ઈજા ન થાય તેમ જ જાહેર સુલેહ–શાંતિનો ભંગ ન થાય તે હેતુથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ–૨૦૦૫ની કલમ–૩૪ હેઠળ હેઠળ મળેલ અધિકારની રૂએ જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા (આઈ.એ.એસ.) દ્વારા જાહેર સ્થળો તેમજ જાહેર રસ્તાઓ ઉપર આવતા–જતા રાહદારીઓ તથા વાહનો ઉપર કાદવ–કિચડ, રંગો, રંગ મિશ્રિત પાણી, તૈલી પદાર્થો, કેમિકલયુક્ત પાવડરોના ઉપયોગને પ્રતિબંધિત કરતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ હુકમ હેઠળ જિલ્લામાં કોઈ પણ જાહેર સ્થળોએ કોઈપણ પ્રકારના હોળી–ધૂળેટી નિમિત્તે મનોરંજન માટેના સાંસ્કૃતિક કાર્યક્રમ કે ધાર્મિક મેળાઓનું આયોજન કરી શકાશે નહીં. જાહેર રસ્તા અને જાહેર સ્થળોએ હોળી–ધૂળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવવા કે બીજા કોઈ ઈરાદાસર જાહેર રસ્તા ઉપર આવતા જતા રાહદારીઓ કે વાહનચાલકોને રોકવા ઉપર પણ મનાઈ ફરમાવવામાં આવી છે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ની કલમ ૫૧ થી ૬૦ અને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ગણાશે.

## ભલાણીયાના યુવાન અમિત પરમારે શહીદ વીરોના માનમાં રકતદાન કરી શ્રધ્ધાંજલિ અર્પી



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, ગોધરા ખાતે ૨૩/૦૩/૨૦૨૧ ના રોજ ત્રણ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી સમાજ સેવાના હેતુથી સમગ્ર દેશમાં એક સમયે, એક સાથે સવારે ૯:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધીમાં ૯૦,૦૦૦ બ્લડ યુનિટનું કલેક્શન કરી શકાય તેવુંઆયોજન કર્યુહતું. જેમાં પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ભલાણીયા ગામના દેશભક્ત યુવાન અમિતકુમાર સુરેશભાઈ પરમારે શહીદ વીરોના માનમાં ગોધરા પહોંચી રક્તદાન કરી સાચી શ્રધાંજલિ આપી છે. ગોધરા ખાતે ડોક્ટર એસોસિયેશન ગોધરા, બ્રહ્માકુમારી સંસ્થા ગોધરા, રેડ ક્રોસ સોસાયટી ગોધરા અને રોટરી ક્લબ ગોધરાના સંયુક્ત ઉપક્રમે ૨૩/૦૩/૨૦૨૧ ના રોજ રેડક્રોસ ભવન ગોધરા ખાતે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં રોટરી ક્લબના કુમાર જૈમિની એન શાસ્ત્રી અને અરવિંદ સિંહ.સી.બારીયાના માર્ગદર્શન હેઠળ અમિત પરમારે રક્તદાન કરી દેશસેવાનું એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમિત પરમાર નિયમિત રક્તદાતા છે અને અનેક વખત જરૂરિયાત મંદ લોકોને ઉપયોગી થયા છે.

## ગોધરા સીમલીયા ઘોડા પાસે જુગાર રમતા ચાર ઈસમોને ઝડપી પાડયા

ગોધરા, પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ પેટ્રોલીંગમાં નીકળી હતી. ત્યારે બાતમી મળી હતી કે, ગોધરાના સીમલીયા ઘોડા નજીક આવેલ કચરાના ઢગલાં પાસે ખુલ્લી જગ્યામાં બેટરીના અજવાળે સિકંદર ઈશાખ અને બિલાલ યાકુબ બક્કર પોતાના આર્થિક લાભ માટે કેટલાક ઈસમોને ભેગા કરીને પત્તા પાના વડે હારજીતનો જુગાર રમાડી રહ્યા છે. જેના આધારે પોલીસે બાતમી વાળી જગ્યાએ પંચો સાથે જઈને રેડ કરી હતી. જેમાં કેટલાક ઈસમો કુંડાળું વળીને ટોળે વળી જુગાર રમી રહ્યા હતા. પોલીસે તેઓને કોર્ડન કરી લીધા હતા. જેમાં ચાર ઈસમો પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. જ્યારે અન્ય બે ઈસમો રાત્રીના અંધારાનો લાભ લઈ નાશી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે પકડાયેલા ઈસમોના નામઠામ પૂછતાં તેઓએ પોતાના નામ જીતેશ ઈન્દ્રવદન શાહ, અમિત પરષોત્તમ મહેતા, પ્રકાશ જગદીશભાઈ રેલવાની અને હારૂન શબ્બીર પાડવા જણાવ્યા હતા. પોલીસે તેઓની અંગજડતી કરીને ૪૬૦ અને દાવ પરના ૩૧૦ રૂપિયા મળીને કુલ ૭૭૦ રોકડ અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૪૨૭૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે પકડાયેલા ચાર ઈસમો અને નાશી જનાર સિકંદર ઈશાખ બેલી અને બિલાલ યાકુબ બક્કર સહિત છ ઈસમો સામે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે જુગારધારા મુજબ ગુનો નોંધ્યો હતો.

## રાજ્યમાં PSI ની ભરતીમાં S.C., S.T., OBCને અન્યાય થતાં હોવાનો પંચમહાલ જીલ્લામાં આપ પાર્ટી દ્વારા આવેદન




તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા, ગુજરાત સરકાર દ્વારા તાઃ ૧૬/૩/૨૦૨૧ ના રોજ પોલીસ વિભાગ વર્ગ ૩ PSI ની સીધી ભરતી માટે જાહેરાત આપી છે. જેમાં કુલ ૩૦૦ જગ્યાઓ પર ભરતી કરવાની છે.

પરંતુ આ ભરતીની જાહેરાતમાં બંધારણીય અધિકાર અને હક્ક મુજબ SC, ST, અને OBC ને અન્યાય થતો જોવા મળ્યો છે. કારણ કે બંધારણીય અધિકાર મુજબ SC ૭% મુજબ ૨૧, ST ૧૫% મુજબ ૪૫ અને OBC ૨૭% મુજબ ૮૧ જગ્યાઓ અનામત રાખવામાં આવતી હોય છે,

પરંતુ આ ભરતીમાં સરકાર દ્વારા જાહેરાતમાં SC કેટેગરી માટે ૧, ST કેટેગરી માટે ૩૧, અને OBC કેટેગરી માટે ૪૪ બેઠકો ફાળવવામાં આવી છે. ત્યારે SC, ST, OBC ને અનુક્રમે ૨૦, ૧૪, ૩૭ એમ કુલ મળીને ૭૧ બેઠકોનું નુકસાન આ ત્રણ કેટેગરીના ઉમેદવારોને થઈ રહ્યું છે ત્યારે..

પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટી તરફથી માન.જિલ્લા કલેકટરને આજે આવેદનપત્ર આપવામાં આવ્યું છે અને સદર ભરતીમાં બંધારણીય અધિકાર અને હક્ક મુજબ ન્યાય મળે અથવા ભરતી પ્રક્રિયા રદ કરવામાં આવે તેની પ્રબળ માંગ સાથે આમ આદમી પાર્ટીના કાર્યકરો જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆ, ઉપ પ્રમુખ હિંમતસિંહ પરમાર, જિલ્લા મહિલા પ્રમુખ આનંદીબેન બારીઆ (વકીલ), જિલ્લા એસ.સી. સમિતિના પ્રમુખ અનિલભાઈ સુતરીયા, જિલ્લા સહમંત્રી દિનેશભાઇ જાદવ, ગોધરા તાલુકા પ્રમુખ ગોપાલભાઈ પટેલ(વકીલ), જિલ્લા મીડિયા કન્વિનર કૃણાલ ચૌહાણ, તેમજ પાર્ટીના સિનિયર કાર્યકરો પિયુષભાઈ પરમાર, મનોજભાઈ ગુજરાતી, ઉપેન્દ્રભાઇ પરમાર , સાકેત બેલી, પૃથ્વીકુમાર, રવિન્દ્રસિંહ (વકીલ), નાનજીભાઈ રાઠવા, દયાલ આહુજા, સહિત ૨૫ કાર્યકરો દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

## પંચમહાલમાં કોરોનાના વધુ ૨૧ કેસ નોંધાયા : ગોધરા તાલુકામાં ૧૯ કેસ

| પંચમહાલ જીલ્લામાં કોરોનાના કેસ |
|---|
| ગોધરા શહેર–૧૫ |
| ગોધરા ગ્રામ્ય – ૦૪ |
| કાલોલ – ૦૧ |
| મોરવા(હ) – ૦૧ |

ગોધરા, પંચમહાલ જિલ્લામાં બુધવાર ના રોજ કોરોનાના નવા ૨૧ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કુલ કોરોના કેસોની સંખ્યા ૪૩૦૯ થવા પામી છે. જયારે જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૧૮૧ થઈ છે. જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારોમાં આજે મળી આવેલા કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૧૫ કેસ અને કાલોલમાંથી ૦૧ કેસ નોંધાવા પામ્યા છે. શહેરી વિસ્તારોમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૩૨૧૦ થવા પામી છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ગોધરામાંથી ૦૪ અને મોરવાહડફ માંથી ૦૧ કેસ નોંધાવા પામ્યા છે. ત્યારે અત્યાર સુધી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૦૯૯ કેસો નોંધાવા પામ્યા છે. આજે કુલ ૧૪ દર્દીને સારવાર બાદ રજા આપવામાં આવી છે. આ સાથે રજા મેળવનારા કુલ વ્યક્તિઓની સંખ્યા ૩૯૮૫ થવા પામી છે. જિલ્લામાંથી અત્યાર સુધી નોંધાયેલ કુલ કેસોની સંખ્યા ૪૩૦૯ થવા પામી છે.

ત્યારે પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણ વધતા કોરોના કેસોની સંખ્યામાં ધરખમ વધારો નોંધતા માત્ર જિલ્લાના ગોધરા શહેર અને તાલુકા માં જ આજે ૧૯ કેસ નોંધાતા ગોધરા વાસીઓમાં ફફડાટ ફેલાવા પામ્યો છે. ત્યારે પરિસ્થિતિ હજી પણ વણસી શકવાની પુરેપરી સંભાવના રહેલી હોય માટે સૌ કોઈએ સોશિઅલ ડિસ્ટન્સ નું પાલન,માસ્ક અને સેનેટાઈઝર નો મહત્તમ ઉપયોગ થકી સાવધાની કેળવવી જ પડશે.

## મોરવા હડફ વિધાનસભા બેઠક પેટાચૂંટણી- ૨૦૨૧ : જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા તમામ પ્રિન્ટિંગ પ્રેસો જોગ હુકમ જાહેર

ગોધરા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, પંચમહાલની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર આગામી ૧૭ એપ્રિલના રોજ પંચમહાલ જિલ્લામાં સમાવિષ્ટ ૧૨૫ મોરવા હડફ વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણી જાહેર થઈ છે. આ ચૂંટણીને ધ્યાને રાખી જિલ્લા કલેક્ટર અમિત અરોરા જિલ્લાના તમામ પ્રિન્ટિંગ પ્રેસો જોગ એક હુકમ કરવામાં આવ્યો છે. આ હુકમ અંતર્ગત કરવામાં આવેલી જોગવાઈઓમાં લોક પ્રતિનિધિત્વ અધિનિયમ– ૧૯૫૧ની કલમ ૧૨૭–ક મુજબ ચૂંટણી લડતા ઉમેદવારો દ્વારા છપાવવામાં આવતા ચૂંટણીના દરેક ચોપાનિયાં અને પોસ્ટર પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા દર્શાવવાના રહેશે. છાપેલી દરેક સામગ્રીની ત્રણ વધારાની છાપેલ નકલ સાથે છાપેલી સામગ્રી દસ્તાવેજ છપાયા બાદ યોગ્ય સમયગાળામાં પ્રકાશકની ઓળખ તરીકે એકરારની એક નકલ દસ્તાવેજમાં નકલ સાથે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરને મોકલવાની રહેશે, ચૂંટણી પુસ્તિકાઓ, પોસ્ટરો અને મુદ્રક દ્વારા પ્રિન્ટ કરેલ આવી અન્ય સામગ્રીના પ્રિન્ટર અને પ્રકાશકના નામ અને સરનામા પ્રિન્ટ લાઈનમાં સ્પષ્ટરીતે દર્શાવવા પડશે. ઉપરોક્ત જોગવાઈઓનું ઉલંઘન કરનાર સામે છ માસ સુધી મુદતી જેલની સજા અથવા બે હજારનો દંડ કે સજા અને દંડ બન્ને થશે. વધુમાં લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૨૭–કની જોગવાઈઓનો ભંગ અને પંચની સૂચનાઓના ભંગને ગંભીર ગણીને રાજ્યના સબંધિત કાયદા હેઠળ પ્રેસનું લાયસન્સ રદ્દ કરવા સહિતના કડક પગલાં ભરવામાં આવશે તેમ યાદીમાં જણાવાયું છે.

## પંચમહાલમાં જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને સ્ક્રીનિંગ કમિટીની રચના

ગોધરા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, પંચમહાલની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર ભારતીય ચૂંટણી પંચ દ્વારા ૧૨૫–મોરવા હડફ (અ.જ.જા.) વિધાનસભાની પેટા ચૂંટણી–૨૦૨૧ અંગે જાહેરાત થતા જ જિલ્લામાં આદર્શ આચાર સંહિતા અમલી બની છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પંચમહાલ દ્વારા આદર્શ આચારસંહિતના ચુસ્ત અમલીકરણ માટે તથા ખર્ચ દેખરેખ સહિતના નિયંત્રણ માટે FST/ SST વગેરે ટીમો કાર્યરત કરવામાં આવી છે. આ ટીમો દ્વારા ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રોકડ માલ–સામાનની જપ્તીની કાર્યવાહી કરવામાં આવે તેવા કેસોમાં કરેલી જપ્તીના દરેક કેસની તપાસ કરવા તથા તપાસ દરમિયાન આવી માલ–સામાન અને રોકડ છૂટી કરવા લોકોને સાચી વ્યક્તિઓને અગવડ ન પડે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પંચમહાલના અદયક્ષસ્થાને સ્ક્રિનીંગ કમિટીની રચના કરવામાં આવી છે. જે આવા કેસોમાં તાત્કાલિક પગલા લેશે. આ સમિતી તમામ કેસોને જોશે અને જપ્તી અંગેનો નિર્ણય લેશે તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.